# રાજયમાં બસ એક જ ચર્ચા છે : ભાજપ કે કોંગ્રેસ ?

## સૌ કોઇના મોંઢે બસ પરિણામોના પ્રશ્નોની જ ચર્ચાઓ : ગુજરાતના પરિણામો ઉપર દેશ અને દુનિયાની નજર મંડાઇ : રાજકીય પક્ષોમાં પણ ભારે ઉત્તેજના

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બે તબક્કામાં યોજાયેલા મતદાન બાદ હવે આવતીકાલે મતગણતરી હાથ ધરાનાર છે અને પરિણામો જાહેર થનાર છે ત્યારે બીજીબાજુ, અમદાવાદ સહિત રાજયભરમાં ભારે ઉત્તેજના અને સસ્પેન્સના વાતાવરણ વચ્ચે ચૂંટણીના પરિણામોનો હોટ ફિવર છવાયો છે. ચૂંટણીના પરિણામોને લઇ રાજકીય પક્ષો, તેમના ઉમેદવાર અને સમર્થક-ટેકેદારોએ આગોતરા આયોજન કર્યા છે તો બીજીબાજુ, ચૂંટણી રસિયાઓએ પણ આવતીકાલે પરિણામો માટે ખાસ તૈયારીઓ કરી છે. તો વળી, કેટલાક ઉત્સાહી ચૂંટણી રસિયાઓએ તો નોકરી અને ધંધા-રોજગારમાં રજા પાડી ટીવી સ્ક્રીન સામે ગોઠવાઇ જઇ પરિણામોની સસ્પેન્સ થ્રીલર જેવી લાઇવ મોજ માણવાનું આયોજન કર્યુ છે. આવતીકાલના પરિણામોને લઇ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં અત્યારે બસ માત્ર એક જ ચર્ચા છે, બોલો બોસ, શું લાગે છે ? ભાજપ આવશે કે કોંગ્રેસ? રિઝલ્ટના પ્રશ્નો હાલ તો સૌકોઇના મુખે ચર્ચાઇ રહ્યા છે. બીજીબાજુ, આવતીકાલે ચૂંટણીના પરિણામોની તાજી જાણકારી અને લાઇવ અપડેટ્સ જાહેરજનતાને જાણવા મળે તે હેતુથી શહેરના અંકુર રોડ પર પ્રિન્સ રેસ્ટોરન્ટની સામે મનીષ ચાર રસ્તા ખાતે સવારે સાત વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી એક વિશાળ સ્ટેજ પર બહુ મોટી એલઇડી સ્ક્રીન લગાવી ખાસ આયોજન કરવામાં આવ્યું છે એમ નારણપુરા વોર્ડના ભાજપના મંત્રી રમેશભાઇ ગીડવાણીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ હતું કે, રસ્તા પરથી પસાર થતા લોકો, રાહદારીઓ અને સ્થાનિક લોકો તેમ જ જાહેરજનતાને ચૂંટણીના પરિણામોની પળેપળની માહિતી અને લાઇવ અપડેટ્સ જાણવા મળી રહે તે હેતુથી આ આયોજન કરાયું છે. નારણપુરા વિધાનસભા બેઠકના ઉમેદવાર કૌશકભાઇ પટેલે આ આયોજન માટે ભારે જહેમત ઉઠાવી છે એમ પણ રમેશભાઇ ગીડવાણીએ ઉમેર્યું હતું. આવતીકાલે અમદાવાદ સહિત રાજયભરના નિયત મતગણતરી કેન્દ્રો પર વિધાનસભા ચૂંટણીના મતદાનની મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાનાર છે. અમદાવાદમાં એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ, પોલીટેકનીક કોલેજ અને ગુજરાત કોલેજ ખાતે મતગણતરી હાથ ધરાનાર છે. મતગણતરી અને પરિણામોને લઇ રાજકીય પક્ષોના ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો અને તેના ચુસ્ત સમર્થક-ટેકેદોરોએ આગોતરા આયોજન કરી રાખ્યા છે. તમામ ઉમેદવારો, તેમના પરિવારજનોની સાથે સાથે તેમના સમર્થકો-ટેકેદારો અને તેમના વિસ્તારના લોકોના દિલના ધબકારા વધી ગયા છે. આવતીકાલે જાહેર થનારા પરિણામોમાં તેમની જીત થાય તે માટેની પ્રાર્થના-દુઆઓનો દોર ચાલી રહ્યો છે. તો, વળી કેટલાક ઉમેદવારો અને તેના સમર્થક-ટેકેદારોએ તો વિજયપતાકા લહેરાય માટે તે માટે જુદી જુદી બાધા-માનતા પણ રાખી દીધી છે. જેનો વિજય નિશ્ચિત મનાઇ રહ્યો છે તેવા ઉમેદવારો અને સમર્થકોએ તો વિજયયાત્રા-સરઘસ કાઢવાના અને ફટકડા ફોડી ઉજવણી કરવાના આગોતરા આયોજન પણ કરી રાખ્યા છે. આવતીકાલે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો હોઇ ચૂંટણીરસિયાઓઓ પણ ખાસ તૈયારીઓ કરી છે, ઉત્સાહી ચૂંટણી રસિયાઓએ તો નોકરી અને ધંધા-રોજગારમાં રજા રાખી વહેલી સવારથી જ ટીવી સ્ક્રીન સામે ગોઠવાઇ જઇ લાઇવ રિઝલ્ટની મોજ માણવાનું આયોજન કર્યુ છે. ગુજરાતના પરિણામો પર સમગ્ર દેશ અને દુનિયાની નજર મંડાઇ હોઇ આવતીકાલે તમામ મીડિયા-ચેનલ્સ દ્વારા પરિણામોની પળેપળની માહિતી અને લાઇવ અપડેટ્સ લોકો સુધી પહોંચાડાશે.



આવતીકાલે વિધાનસભા સામાન્ય ચૂંટણીની મત ગણતરી હાથ ધરાનાર છે ત્યારે અમદાવાદ જિલ્લા કલેકટર શ્રીમતિ અવંતિકા સિંઘે મતગણતરી કેન્દ્રોની મુલાકાત લઈ આખરી વ્યવસ્થાનું નિરિક્ષણ કર્યું હતું. મતગણતરી કેન્દ્રોના લાઈવ વેબ કાસ્ટિંગ રૂમનું પણ આ મુલાકાતમાં નિરિક્ષણ કર્યું હતું.

# ૩૭ સ્થળોએ મતગણતરી, જાણો કયા બેઠકની કઈ જગ્યાએ થશે મતગણના

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાંવિધાનસભા બેઠકો ઉપર થયેલા મતદાનની મતગણતરી સોમવારે સવારે ૮ વાગ્યાથી શરૂ થશે. રાજયભરમાં કુલ ૩૭ સ્થળોએ આ મતગણતરી હાથ ધરાશે અમદાવાદ શહેર જિલ્લાની કુલ ૨૧ બેઠકો માટે એલડી એન્જિનિયરિંગ કોલેજ, ગુજરાત કોલેજ તથઆ પોલીટેકનિક એમ ત્રમ સ્થળે મતગણતરી થશે. આવી જ રીતે સુરત અને આણંદ ખાતે બબ્બે સ્થળોએ તેમજ બાકીના તમામ જિલ્લાઓ માટે એક-એક સ્થળે મતગણતરી હાથ ધરાશે. દરેક મતગણતરી કેન્દ્ર ખાતે વધુમાં વધુ ૧૪ ટેબલ લગાવવામાં આવશે અને આ મતગણતરી કેન્દ્ર ઈવીએમ-વીવીપેટના સ્ટ્રોંગ રૂમની એકદમ નજીક રહેશે.

કચ્છની ૬ બેઠકો માટે ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, ભૂજ, બનાકાંઠાની ૯ બેઠકો માટે ગવર્મેન્ટ એન્જિ.કોલેજ જગાણા-પાલનપુર, પાટણની ૪ બેઠકો માટે કેડી પોલીટેકનિક કોલેજ, પાટણ, મહેસાણાની ૭ બેઠકો માટે મરચન્ટ એન્જિનિયરિંગ કોલેજ, મહેસાણા-વિસનગર હાઈવે, સાબરકાંઠાની ૪ બેઠકો મટે ગવર્મેન્ટ પોલીટેકનિક, હિંમતનગર, અરવલ્લીની ૩ બેઠકો માટે ગવર્મેન્ટ એન્જિ.કોલેજ, મોડાસા, સુરેન્દ્રનગરની ૫ બેઠકો માટે એમ.પી.શાહ આટર્સ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર, મોરબીની ૩ બેઠકો માટે ગવર્મેન્ટ પોલીટેકનિક, મોરબી, રાજકોટની ૮ બેઠકો માટે સરકારી એન્જિ.કોલેજ, રાજકોટ, જામનગરની ૫ બેઠકો માટે ઓસ્વાલ એજ્યુ.ટ્રસ્ટ કોમ્પલેક્સ, જામનગર, દ્વારકાની ૨ બેઠકો માટે દ્વારકા જિલ્લા પંચાયત ભવન, પોરબંદરની ૨ બેઠકો માટે સરકારી પોલીટેકનિક કોલેજ, એરપોર્ટ, જૂનાગઢની ૫ બેઠકો માટે જૂનાગઢ કૃષિ યુનિર્વિસટી, ગીર સોમનાથની ૪ બેઠકો માટે ઓનેચા ઈન્સ્ટિટયૂટ, ચૂડાવાવ, અમરેલીની ૫ બેઠકો માટે પ્રતાપરાજ કોલેજ, અમરેલી, ભાવનગરની ૭ બેઠકો માટે સરકારી એન્જિ.કોલેજ, વિદ્યાનગર, બોટાદની ૨ બેઠકો માટે જીનાલય, સરકીટ હાઉસ, ખેડાની ૬ બેઠકો માટે આઈવી પટેલ કોલેજ, નડિયાદ, મહિસાગરની ૩ બેઠકો માટે પંડયા કોલેજ, લુણાવાડા, પંચમહાલની ૫ બેઠકો માટે સરકારી એન્જિ.કોલેજ, છબાનપુર-ગોધરા, દાહોદની ૬ બેઠકો માટે સરકારી એન્જિ. કોલેજ, ઉષાર્વન, દાહોદ, વડોદરાની ૧૦ બેઠકો માટે પોલીટેકનિક કોલેજ, નિઝામપુરા, છોટાઉદેપુરની ૩ બેઠકો માટે પોલીટેકનિક કોલેજ, છોટાઉદેપુર, નર્મદાની ૨ બેઠકો માટે વ્યાયામ ભવન-આનંદભવન, ભરૃચની ૫ બેઠકો માટે કે.જી.પોલીટેકનિક, ભોલાવ, તાપીની ૨ બેઠકો માટે ચૌહાણ-શાહ કોલેજ, પણિયારી, વ્યારા, ડાંગની ૧ બેઠક માટે સરકારી કોલેજ-આહવા, નવસારીની ૪ બેઠક માટે મહાત્મા ગાંધી ઈન્સ્ટિટયૂટ, ભાવનગર-ભૂતસડ તથા વલસાડની ૫ બેઠક માટે સરકારી એન્જિ.કોલેજ, ભગડાવાડા-વલસાડ ખાતે મતગણતરી થશે.

સુરતની ઓલપાડ, માંગરોળ, માંડવી, કામરેજ, બારડોલી અને મહુવા બેઠક માટે ગાંધી એન્જિ.કોલેજ, મજુરા ગેટ તેમજ સુરતની સુરત પૂર્વ, સુરત ઉત્તર, વરાછા રોડ, કરંજ, લિંબાયત, ઉધના, મજુરા, કતાર ગામ, સુરત પ્રિમ અને ચોર્યાસી બેઠકની મતગણતરી એનઆઈએફટી ખાતે અને આણંદની ખંભાત, ઉમરેઠ અને આણંદ બેઠકોની મતગણતરી આટર્સ કોલેજ-વલ્લભ વિદ્યાનગર તથા બોરસદ, આંકલાવ, પેટલાદ અને સોજિત્રાની મતગણતરી કોમર્સ કોલેજ-વલ્લભ વિદ્યાનગર ખાતે હાથ ધરવામાં આવનારી છે.

### અમદાવાદ શહેર જિલ્લાની કઈ બેઠકની ક્યાં મતગણતરી

(૧)વિરમગામ-પોલીટેકનિક કોલેજ, આંબાવાડી
(૨)સાણંદ- પોલીટેકનિક કોલેજ, આંબાવાડી
(૩)નિકોલ- પોલીટેકનિક કોલેજ, આંબાવાડી
(૪)દસ્ક્રોઈ- પોલીટેકનિક કોલેજ, આંબાવાડી
(૫)ધોળકા- પોલીટેકનિક કોલેજ, આંબાવાડી
(૬)ધંધુકા- પોલીટેકનિક કોલેજ, આંબાવાડી
(૧)નરોડા-ન્યૂ કોમર્સ કોલેજ બિલ્ડિંગ ગુજરાત કોલેજ એલિસબ્રિજ
(૨)ઠક્કરબાપાનગર-ન્યૂ કોમર્સ કોલેજ બિલ્ડિંગ ગુજરાત કોલેજ એલિસબ્રિજ
(૩)બાપુનગર-ન્યૂ કોમર્સ કોલેજ બિલ્ડિંગ ગુજરાત કોલેજ એલિસબ્રિજ
(૪)દરિયાપુર-ન્યૂ કોમર્સ કોલેજ બિલ્ડિંગ ગુજરાત કોલેજ એલિસબ્રિજ
(૫)જમાલપુર-ખાડિયા-ન્યૂ કોમર્સ કોલેજ બિલ્ડિંગ ગુજરાત કોલેજ એલિસબ્રિજ
(૬)દાણીલીમડા-ન્યૂ કોમર્સ કોલેજ બિલ્ડિંગ ગુજરાત કોલેજ એલિસબ્રિજ
(૭)અસારવા-ન્યૂ કોમર્સ કોલેજ બિલ્ડિંગ ગુજરાત કોલેજ એલિસબ્રિજ
(૧)ઘાટલોડિયા-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા
(૨)વેજલપુર-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા
(૩)વટવા-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા
(૪)એલિસબ્રિજ-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા
(૫)નારણપુરા-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા
(૬)અમરાઈવાડી-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા
(૭)મણિનગર-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા
(૮)સાબરમતી-એલ ડી એન્જિનિયરિંગ કોલેજ નવરંગપુરા

### ગાંધીનગર ૫ બેઠકોની મતગણતરી ક્યાં થશે

(૧)દહેગામ-ગવર્મેન્ટ આટર્સ કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫
(૨)ગાંધીનગર ઉત્તર-ગવર્મેન્ટ આટર્સ કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫
(૩)ગાંધીનગર દક્ષિણ-ગવર્મેન્ટ આટર્સ કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫
(૪)માણસા-ગવર્મેન્ટ આટર્સ કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫
(૫)કલોલ-ગવર્મેન્ટ આટર્સ કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫

# ગુજરાતની ચૂંટણીમાં પાટીદાર વર્સિસ ઓલ થયું હશે તો કોંગ્રેસનો ખેલ ખલાસ થઇ જશે

**પ્રદેશ કોંગ્રેસમાં મોદીને ટક્કર મારે તેવો નેતા નથી. ઉમેદવારોની પસંદગી તેમજ ત્રણ યુવાનો પર રાખેલો ભરોસો વર્ષોજૂની પાર્ટીને ડૂબાડી પણ શકે છે**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં કોંગ્રેસની હાર થાય તો તેની પાછળના કારણો ખૂબ આંચકાજનક છે. પહેલું કારણ એ છે કે કોંગ્રેસ પાસે નરેન્દ્ર મોદી જેવો શક્તિશાળી નેતા નથી. મોદીને કાઉન્ટર કરી શકે તેવો પ્રદેશ નેતા પાર્ટી પાસે હોવો જોઇએ. કોંગ્રેસની મોટી કમજોરી ચૂંટણી સમયે ફુટી નિકળતા દાવેદારો છે. ટીકીટ આપવામાં કોંગ્રેસના ક્રાઈટેરિયા અલગ અલગ છે. ચૂંટણી જીતી શકે તેવા મજબૂત ઉમેદવારોના સ્થાને જ્ઞાતિવાદને વધારે મહત્વ આપે છે. ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસ પાસે રાહુલ ગાંધી સિવાય કોઈ સ્ટાર પ્રચારક ન હતો. મતદારોના સમૂહને અસર કરે તેવો કોંગ્રેસ પાસે મુદ્દો ન હતો. રાહુલ ગાંધી પાસે પણ અદાણી અને નેનો કાર પ્રોજેક્ટ સિવાયના મુદ્દાનો અભાવ હતો. કોંગ્રેસ પાંચ વર્ષ શું કરવા માગે છે તે વિઝનનો પાર્ટી પાસે મોટો અભાવ છે. રાહુલ ગાંધીએ લોકોનો પ્રેમ સંપાદન કર્યો છે પરંતુ પ્રદેશ કોંગ્રેસના નેતાઓને આજેપણ ગુજરાતની જનતા સ્વિકારી શકતી નથી. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ગુજરાતમાં પાટીદારોના હાથ પકડ્યા પછી કોંગ્રેસની વિરૂદ્ધમાં બિન અનામત જ્ઞાતિઓનું મતદાન સૌથી વધુ થયું છે. ગુજરાતના લોકોને વધારે અનામતની ફોર્મ્યુલા પસંદ પડી નથી.

### કોંગ્રેસ હારે તો શું કારણો હોઇ શકે છે...

- મતદાન સમયે બુથ મેનેજમેન્ટનો અભાવ, કાર્યકરોનો અનુત્સાહ
- રાહુલ ગાંધી સિવાયના કોઇ સ્ટાર પ્રચારક પાર્ટી પાસે નથી.
- ગુજરાત પ્રદેશમાં કોંગ્રેસ પાસે સ્ટેટલેવલનો લિડર નથી.
- ઉમેદવારોની પસંદગીમાં સગાવાદ અને લાગવગશાહી જોરમાં છે.
- ખોટા ઉમેદવારોની પસંદગી કરીને અનેક બેઠકો પહેલેથી જ ગુમાવી છે.
- હાર્દિક પટેલની સભાઓની મતદાનમાં અવળી અસર થઇ છે.
- હાર્દિકના કેરેક્ટર પર સવાલ ઉઠેલા છે, બીજી જ્ઞાતિઓનું ભાજપને વોટીંગ.
- અલ્પેશ ઠાકોરને કોંગ્રેસે ઉમેદવાર બનાવીને મોટી ભૂલ કરી છે.
- જીજ્ઞેશ મેવાણીને પણ ઉમેદવાર બનાવવાની જરૂર ન હતી.
- કોંગ્રેસ તેની અસલ વોટબેન્ક પાછી મેળવવામાં કમજોર રહી છે.
- લોકોની નાડ પારખવામાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓ ઉણા ઉતર્યા છે.
- નરેન્દ્ર મોદીને નીચ કહેવાનું આ પરિણામ હોઇ શકે છે.
- નીચ શબ્દથી મોદીએ ખૂબ જ આક્રમકતાથી પ્રચાર કર્યો હતો.
- મતદાન નજીક આવે છે ત્યારે કાર્યકરો એક્ટિવ બની શકતા નથી.
- પાર્ટીનો આંતરિક અસંતોષ કોંગ્રેસને પ્રત્યેક ચૂંટણીમાં હરાવે છે.
- મોદીના નોટબંધી અને જીએસટીના સુધારાને ગુજરાતનું સમર્થન છે.
- નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી નથી છતાં તેમનો કરિશ્મા યથાવત છે.
- શંકરસિંહ વાઘેલાનો બળવો કામ કરી ગયો છે. કોંગ્રેસ તૂટી રહી છે.
- કોંગ્રેસના ઢંઢેરાના મુદ્દાઓ ગુજરાતની જનતાએ ફગાવી દીધા છે.
- ભાજપના વિકાસ મોડલનો પ્રતિકાર કરવામાં નિષ્ફળતા મળી છે.
- કેન્દ્રમાં ભાજપ અને ગુજરાતમાં કોંગ્રેસ- એ લોકોને સ્વિકાર્ય નથી.
- મોદીને માત્ર ગાળો બોલવાથી ચૂંટણી જીતી શકાતી નથી.
- રાષ્ટ્રીય કોંગ્રેસના યુવા ચહેરાઓનો ચૂંટણી પ્રચારમાં અભાવ વર્તાયો છે.
- પંજાબના મંત્રી નવજોતસિંઘ સિંધુ કોંગ્રેસના પ્રચારમાં આવી શક્યા નહીં.
- કોંગ્રેસે માત્ર નિવેદનો કર્યા છે લોકોના પ્રશ્નોના નિરાકરણની ખાત્રી નથી.
- પાટીદાર અનામત આંદોલનમાં નક્કર બાબતનો અભાવ રહ્યો છે.
- બિન અનામતની જ્ઞાતિઓએ પાટીદારો સામે જંગી વોટીંગ કર્યું છે.

# અમદાવાદના આ રૂટ રહેશે બંધ, મત ગણતરીને લઈ કમિશનરનું જાહેરનામું

અમદાવાદ,તા.૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ સોમવારે જાહેર થશે. ત્યારે તંત્ર દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે. મહત્વનુ છે કે, ચૂંટણી EVM અને VVPAT મશીનથી યોજવામાં આવી હતી. અને હાલમાં આ EVM અને VVPAT મશીનો એલ.ડી.એન્જીનિયરિંગ કોલેજ ખાતે મુકવામાં આવી છે.

જેના ભાગરૂપે તંત્ર દ્વારા કોલેજના મુખ્ય ગેટથી દાદા સાહેબના પગલા ચાર રસ્તા સુધી રૂટ બંધ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત પાંજરાપોળથી એકસાઈઝ ચોકી ત્રણ રસ્તા સુધી પણ રસ્તો બંધ રખાયો છે.

જેનુ વેકલ્પિક રૂટ દાદા સાહેબના પગલા ચાર રસ્તાથી એ.જી ચોકી થઈને એસ.જી દેસાઈ માર્ગથી સેન્ટ ઝોવિયર્સ કોલેજ થઈને સુરજમલ ઝવેરી માર્ગથી પાંજરાપોળ સુધી રાખવામાં આવ્યુ છે. ઈન્દર રેસીડેન્સી હોટલ ટીથી ગુજરાત કોલેજ બ્રિજ સુધી પણ વૈકલ્પિક રૂટ તૈયાર કરવામાં આવ્યુ છે.

ક્યાં રૂટ રહેશે બંધ ?
મત ગણતરીને લઈને કમિશ્નરનું જાહેરનામું
બંધ રૂટ
L.D એન્જિનિયરિંગ કોલેજ
મુખ્ય ગેટથી દાદા સાહેબના પગલા ચાર રસ્તા સુધી
પાંજરાપોળથી એકસાઈઝ ચોકી ત્રણ રસ્તા સુધી
વૈકલ્પિક રૂટ
L.D એન્જિનિયરિંગ કોલેજ
દાદા સાહેબના પગલા ચાર રસ્તાથી એ.જી ચોકી
એસ.જી દેસાઈ માર્ગથી સેન્ટ ઝોવિયર્સ કોલેજ
સુરજમલ ઝવેરી માર્ગથી પાંજરાપોળ
બંધ રૂટ, પોલિટેકનિક કોલેજ
પાંજરાપોળ ચાર રસ્તાથી એક્સાઈઝ ચોકી ત્રણ રસ્તા સુધી
બંધ રૂટ, ગુજરાત કોલેજ
ઈન્દર રેસીડેન્સી હોટલથી ગુજરાત કોલેજ બ્રિજ

### ચમકારા

- દિવ્યભાસ્કર.કોમના ફેસબુક સર્વેમાં કોંગ્રેસને ૭૪ હજાર અને ભાજપને ૭૨ હજાર વોટ.
- રાજકોટ પશ્ચિમની બેઠક પર વિજયભાઈ રૂપાણીની જીત માટે યાજ્ઞિક રોડ પર કોઠારી પરિવારે હવન કર્યું.
- અમદાવાદ જિલ્લાની મતગણતરીને લઈ કલેક્ટર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ કરાઈ. થ્રીટાયર કોર્ડન સિક્યુરિટી બંદોબસ્ત રહેશે. ૨૧ કાઉન્ટીન હોલમાં વેબ કાસ્ટિંગ કરવામાં આવશે. ૮ વાગ્યા પહેલા પોસ્ટલ બેલેટની ગણતરી.
- સુરતની ગાંધી એન્જીનિયરીંગ કોલેજમાં નમો વાઈફાઈ એક્સેસ થતાં કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ કર્યો. કોંગ્રેસના મહુવાના ઉમેદવાર તુષાર ચૌધરી અને કામરેજના અશોક જીરાવાલાએ વિરોધ નોંધાવતા ચૂંટણી અધિકારીઓ દોડતા થયા. ચિપના આધારે ડેટા ફેરવાઈ રહ્યા હોવાનો આરોપ લગાવાયો છે.
- દસક્રોઈ વિધાનસભામાં બોગસ મતદાન થયુ હોવાના આરોપ સાથે કોંગ્રેસ ઉમેદવાર પંકજ પટેલની ચૂંટણી પંચને ફરિયાદ.
- ભાજપે શપથવિધિની શરૂ કરી કવાયત. જો ૧૨૦થી ૧૫૦ સીટ આવશે તો અમદાવાદ સરદાર પટેલ સ્ટેડિયમમાં શપથવિધિ જ્યારે ૧૨૦ કરતા ઓછી સીટ આવશે તો મહાત્મા મંદિરમાં શપથવિધિની ભાજપમાં ચર્ચા. મંત્રીમંડળનો નિર્ણય ૧૮મી પછી. જિલ્લાવાર પ્રદેશ કાર્યાલયમાં ઉજવણી થશે.
- મતગણતરીના દિવસે ઈન્ટરનેટ સેવા બંધ રહેવા અંગે સોશ્યલ મીડિયામાં ફરી રહેલો ઈલેક્શન કમિશન નામનો પત્ર ખોટો હોવાનુ કલેક્ટર ડૉ. વિક્રાંત પાંડેએ જણાવ્યું છે.

### આજે જનાદેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટકા મતદાન નોંધાયુ હતુ. સૌથી પ્રથમ ગાંધીનગર (ઉ) બેઠકનું પરિણામ આવશે તેમ મનાઈ રહ્યું છે. આ બેઠક પર ૬૭.૩૬ ટકા મતદાન નોંધાયુ છે.

કલોલ, માણસા અને દહેગામ બેઠક પર ૭૦ ટકા કરતાં વધુ મતદાન થયુ હોવાથી પરિણામમાં વિલંબ થશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે એક સાથે ૧૪ ટેબલ પર મતગણતરી થવાની હોવાથી ગાંધીનગર (દ) બેઠક પર ૨૦થી પણ વધુ રાઉન્ડ થશે અને તેનું પરિણામ અંતિમ આવશે તેમ મનાઈ રહ્યું છે.

### કોલેજ કેમ્પસ ખાતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલે જણાવ્યુ હતુ કે બહાર ઉભેલા રાજકીય પક્ષોના સામર્થકોને પણ પળેપળની વિગતો મળી રહી તે માટે ખાસ પબ્લીક એડ્રેસ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. જેના પરથી દરેક રાઉન્ડનો અંતે ઉમેદવારોને મળેલા મત જાહેર કરવામાં આવશે.

જિલ્લાની પાંચ બેઠકો માટે ૪૮ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. જેમાં ભાજપ કોંગ્રેસ ઉપરાંત અન્ય પક્ષો અને અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. સૌથી વધુ ઉમેદવારો ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયેલા છે.

### કે પરિવર્તન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝાલોદમાં રહ્યા હતા. કુલ મળીને ૨૫,૫૭૫ પોલિંગ સ્ટેશન ઉપર મતદાનની પ્રકીયા યોજાઈ હતી. કુલ મતદારો ૨,૨૨,૯૬,૮૬૭ છે. કુલ ૧.૭૪ લાખ પોલીસ જવાનો, સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સાથે કુલ ૨.૪૧ લાખ કર્મચારીઓ ફરજ પર હતા. તે પહેલા ૯ની ડિસેમ્બરના દિવસે હાઈપ્રોફાઈલ અને

હાઈવોલ્ટેજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૬૬.૭૫ ટકા મતદાન થયું હતું. આની સાથે જ ૯૭૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મતદાન પૂર્ણ થવાની સાથે જ પ્રથમ તબક્કામાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ અને મોઢવાડિયા સહિત ૯૭૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં આ બે વિસ્તારોમાં ૮૯ સીટ પર સવારે મતદાન થયું હતુ પ્રથમ ચરણમાં ૨.૧૨ કરોડ મતદારો પૈકી ૬૬.૭૫ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પ્રથમ તબક્કાની ચૂંટણીને સાનુકુળ રીતે પાર પાડવા માટે ૨.૪૧ લાખ કર્મચારીઓ ચૂંટણી ફરજ પર તૈનાત કરવામાં આવ્યા હતા. પ્રથમ તબક્કામાં કચ્છ-સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાં ચૂંટણી થઈહતી. પ્રથમ તબક્કામાં જે જિલ્લામાં મતદાન થયું હતુ તેમાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, અને બોટાદનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં ૫૪ સીટો હતી. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાં મતદાન થયું હતું. જેમાં નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, અને વલસાડનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં કુલ ૩૫ સીટો હતી. સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૧૯ જિલ્લાને આવરી લેતી ૮૯ સીટ પર પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું.

### સજ્જ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજના પર વિચાર કરી રહ્યું છે. રેલ પ્રધાન પિયુષ ગોયલે કહ્યું કે આ યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે. અને પ્રધાન મંડળ સમક્ષ આ યોજના રજૂ કરાશે. તેમણે એમ કહ્યું કે મહિલા સુરક્ષાના મુદ્દે રેલવે બે ક્ષેત્રોમાં કામ કરવા અંગે વિચારી રહ્યું છે. જેમાં ટ્રેનોમાં વાઈ-ફાઈ કનેક્ટીવીટી અને તમામ ટ્રેનો અને રેલવે સ્ટેસનો માં સીસીટીવી કેમેરા લગાવવાની યોજના છે. તેમણે જણાવ્યું કે રેલવેએ તાજેતરમાં ૯૮૩ રલવે સ્ટેશનોની ઓળખ કરી કરી છે જ્યાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. ફ્લેક્સિ ફેર અંગે સવાલ કરાતા તેમણે જણાવ્યું કે, હાલમાં તે અંગે કઈ કહી શકાય તેમ છે નહીં. ૧૧ ડિસેમ્બરે આ મુદ્દે છ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી છે. તેમના દ્વારા આ અંગે જે સૂચનો કરવામાં આવશે અને અહેવાલ આપવામાં આવશે.